માર્ચ, એપ્રિલ ૨૦૨૬

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ


## BEST WISHES

FROM

### Foresights

Architect | Interior Designer | Green building consultant | Technical consultant

**Mr. Hardeep M. Pathak**
+91 98243 91475 | fics.arch@gmail.com
**Mr. Het Hardeep Pathak**
+91 94294 19089 | fics.het@gmail.com

### Relief Fire & Safety Services

Fire Fighting Equipment Trading, Maintenance & Installation | Fire & Safety Consultant | Fire Certification & Audit | Govt. Certified Fire & industrial safety Training Centre

**Mrs. Nidhi Hitesh Pathak**
+91 97243 42476 | relief.fire@gmail.com

### Genuine Car Cares

**BOSCH Authorised Multibrand Car Workshop**
German Standard Certified - Fully Equipped Car Workshop

**Mr. Het Hardeep Pathak**
+91 9426 426000 | genuinecarcares@gmail.com

### Adverzo Digital Marketing

Digital Marketing | Social Media Marketing | PR Agency

**Miss. Heer Hardeep Pathak**
+91 98242 91475 | heerpathak30@gmail.com

ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૮૯
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

Estd.1995
V. M. B.

હસમુખ જોષી સ્થાપિત

# વિધાતા મેરેજ બ્યુરો

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૯૯૫થી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના તેમજ ભારતના, વિદેશના સર્વજ્ઞાતિના તમામ પ્રકારના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર લગ્ન સંસ્થા

સર્વ જ્ઞાતિના અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક - મેડીકલ, એન્જીનીયરીંગના ઉચ્ચ શિક્ષિત ભારતના - વિદેશના NRI માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કોમ્પ્યુટરાઇઝ્ડ લગ્ન સંસ્થા

અપરણિત • છુટાછેડા • વિધવા • વિધુર • સીનીયર સીટીઝન
સફેદદાગ • વિકલાંગ • શારિરીક ક્ષતિ • મુકબધિર • પ્રજ્ઞાચક્ષુ
HIV • NRIયુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી
પાત્રો આપની પસંદગી અને ઇચ્છા અનુસાર કોન્ટેક કરાવી આપવામાં આવે છે.

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.**

૩૧૬, ત્રીજોમાળ, સીટીગેટ, વિશાલા હોટલ અને રાજયશ સીટીની વચ્ચે, ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ • રવિવાર ૧૦ થી ૧ • જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી "વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની "વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી
ધ્વનિ જોષી

દિના જોષી
મેનેજર

श्री महालक्ष्म्यै नमः    उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી ધ્રુવકુમાર જોશી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**માર્ચ-એપ્રિલ ૨૦૨૬** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી ધ્રુવકુમાર જોશી**

મો. 99099 49460

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી વિનીત દવે**

મો. 97250 97807

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી રાજેશભાઈ પંડ્યા

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી દિગિશ દવે

### અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | જાહેરાત - વિધાતા મેરેજ બ્યુરો | | ૦૨ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૫ |
| ૩. | સહયોગ અપીલ | તંત્રીશ્રી | ૦૬ |
| ૪. | હનુમાનજી મંદિર, સણસોલી | તંત્રીશ્રી | ૦૭ |
| ૫. | સમેશ્વર મહાદેવ, તા. ઈડર | તંત્રીશ્રી | ૦૮ |
| ૬. | મહાલક્ષ્મી મંદિર, અંબોડ, જિ. ગાંધીનગર | તંત્રીશ્રી | ૦૯ |
| ૭. | હાથણી માતાનો ધોધ | તંત્રીશ્રી | ૧૦ |
| ૮. | જાહેરાત - સદાશીવ આયુર્વેદિક ક્લિનીક | | ૧૧ |
| ૯. | જાહેરાત - વરદાન ક્લીનીક અને વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર | | ૧૨ |
| ૧૦. | સિદ્ધિ સોપાન | | ૧૩ |
| ૧૧. | જાહેરાત - પંડ્યા પરિવારનું ગૌરવ | | ૧૭ |
| ૧૨. | જાહેરાત - કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ, સાવલી | | ૧૮ |
| ૧૩. | જાહેરાત - કે. જે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જિનિયિરંગ એન્ડ ટેકનોલોજી | | ૧૯ |
| ૧૪. | સમાચાર સંચય | | ૨૦ |
| ૧૫. | સમસ્તશ્રી ગૌડ સમાજ ગુજરાતની નવરચિત કારોબારી સભ્યોની બેઠક | | ૨૧ |
| ૧૬. | મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ | | ૨૩ |
| ૧૭. | શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા, બોક્સ ક્રિકેટ | | ૨૪ |
| ૧૮. | શ્રી મહાલક્ષ્મી માતાજીનો ૧૨૬મો પાટોત્સવ, ખેડા | | ૨૫ |
| ૧૯. | 'શબ્દશ્રી' સાહિત્યને સમર્પિત સામયિકનું વિમોચન | | ૨૬ |
| ૨૦. | પરિચય - શ્રી ધ્રુવકુમાર જોષી | | ૨૭ |
| ૨૧. | ખુશીનું વૈદું | | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | જાહેરાત - શિવમ પાર્ટી પ્લોટ | | ૨૯ |
| ૨૩. | જાહેરાત - શ્રી વિદ્યામંદિર વિદ્યાલય | | ૨૯ |
| ૨૪. | જાહેરાત - ડોનાલ્ડ કીડ્સ | | ૩૦ |
| ૨૫. | જાહેરાત - મલ્હાર સ્પોર્ટ્સ એકેડેમી | | ૩૦ |
| ૨૬. | જાહેરાત - ટ્રોપીકલ સોલાર એનર્જી | | ૩૧ |
| ૨૭. | જાહેરાત - એમરાલ્ડ ડેવલોપર્સ | | ૩૨ |
| ૨૮. | વાર્તા - ગામડી ગીતા | રાજેશ પંડ્યા - રાજ | ૩૩ |
| ૨૯. | પી. એમ. જોષી મેમોરિયલ ટ્રસ્ટ, ગોતી, વડોદરા | તંત્રીશ્રી | ૩૪ |
| ૩૦. | શિવમ પાર્ટી પ્લોટ | તંત્રીશ્રી | ૩૬ |
| ૩૧. | જાહેરાત - જોષી ચશ્માવાલા | | ૩૮ |
| ૩૨. | જાહેરાત - ઉડાન સ્કૂલ | | ૩૯ |
| ૩૩. | રણભૂમિમાં શંખનાદ ગુંજે | ભવ્યા ડી. શુક્લ | ૪૦ |
| ૩૪. | પાછું જાવું છે મને | દક્ષેશ જોષી | ૪૦ |
| ૩૫. | યુદ્ધ ભૂમિ | માલાબેન પાઠક | ૪૧ |
| ૩૬. | અરવલ્લી જિલ્લાનું ગીત | કિશોર શુક્લ | ૪૧ |
| ૩૭. | રણભૂમિ - સોનેટ | ડૉ. બિરેન પાઠક | ૪૨ |
| ૩૮. | શ્રદ્ધાં અંતરનો દીવો | દીપકભાઈ શુક્લ | ૪૩ |
| ૩૯. | શ્રી મહાલક્ષ્મી માતા કી જય | માલિની જોષી પાઠક | ૪૪ |
| ૪૦. | અનગજ | ક્રિષ્ના શુક્લ - સુવાસ | ૪૫ |
| ૪૧. | ઝાંઝવાના જળ | વિપુલ વી. દવે - સુવાસ | ૪૬ |
| ૪૨. | શ્રદ્ધા | ભારતીબેન ઉપાધ્યાય | ૪૬ |
| ૪૩. | બાળપણ | અદિતિ પંડિત | ૪૭ |
| ૪૪. | જાહેરાત : સ્મરણાંજલિ - સ્વ. વીણાબેન પાઠક | | ૪૮ |
| ૪૫. | અવસાન નોંધ | | ૪૯ |
| ૪૬. | શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ | | ૫૦ |
| ૪૭. | સમસ્ત શ્રીગૌડ જીવનસાથી - વૉટ્સએપ ગ્રૂપ | | ૫૧ |
| ૪૮. | સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો | | ૫૩ |
| ૪૯. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૫૪ |


• • •

# તંત્રી લેખ



વ્હાલા શ્રી બંધુ મિત્રોને રાજેશ પંડ્યા 'રાજ' ના જય મહાલક્ષ્મી.

મિત્રો, આ સાથે શ્રી ગૌડ જાગૃતિનો મે અંક આપની સમક્ષ રજૂ કરતાં ખૂબ આનંદની લાગણી અનુભવું છું. આ અંકમાં આપ સર્વેને વિવિધતા સભર સિધ્ધિ સોપાન, સમાચાર સંચય, વિવિધ જ્ઞાન સભર લેખો, જ્ઞાતિના સાહિત્ય રસિકોની સ્વરચિત સાહિત્ય રચનાઓ, સાથે અન્ય માહિતીઓનો રસથાળ વાંચવા મળશે.

શ્રીગૌડ જાગૃતિના મજબૂત પીઠબળ ગણાય એવા નિયમિત જાહેરાતો આપતાં શ્રી બંધુઓ સાથે જાગૃતિના અંક પ્રમાણેના સ્પોન્સર સમાજમાં ખરેખર આદરને પાત્ર અને મૂંગી સમાજ સેવા કરનારા જ ગણાય. એમનો મારી સાથે સૌએ હૃદયપૂર્વક આભાર માનવો જ પડે.

જાગૃતિને હવે મુખપત્ર બોલીએ એ મજા ન આવે એવું લાગે. એ એક મજબૂત દ્વિમાસિક સામયિક જ ગણાય. સમાજની દરેક પ્રવૃત્તિઓ કોઈપણ પ્રકારના ભેદભાવ વગર અંદર આવરી લેવામાં આવે છે. મિત્રો, અન્ય જ્ઞાતિના આવા મુખપત્ર સાથે સરખામણી કરો, જુઓ. તમને જાગૃતિ બેવાર કરતાં વધારે ફરી વાંચવી ગમશે કારણ દરેક અંકમાં નવીનતા સાથે અન્ય માહિતીઓ કેન્દ્રસ્થાને છે. સમાજની એકતા માટે આ મહેનત થતી હોય એવું જ કહેવાય.

મિત્રો, સમાજની વિવિધ પ્રવૃતિઓ માટે આર્થિક યોગદાન એ અન્ય સમાજ કરતાં આપણા સમાજમાં એક ૫% પણ લેવાતું નથી. મારી આ અંગે એક અપીલ છે કે જાગૃતિ સ્વનિર્ભર નિભાવ માટે હજુ આ વરસે બે અંકના અંકદીઠ ૧૦૦૦૦ નો ફાળો આપનાર સ્પોન્સર ખૂટે છે. સાથે નિયમિત જાહેરાતો જેમ વધુ આપશો એમ સમાજને અને તમારી વચ્ચેના પારસ્પરિક ફાયદાકારક સારા સંબંધો મજબૂત રીતે ઘડાતા રહેશે એમ જ ગણાય. આજે કોઈપણ આશા વગર મહેનત અમે સમાજ માટે કરીએ એ પ્રમાણે સામૂહિક તમામ શ્રી બંધુઓ પોતાની નૈતિક ફરજના ભાગરૂપે આર્થિક સેવા પ્રદાન કરે. આજે અન્નસહાય કીટ માં ચાલુ વરસે સમાજે સારું એવું પ્રદાન કર્યુ છે. એ કીટ વિતરણ વ્યવસ્થામાં ગુપ્ત મૂંગી સેવા કરનારા દરેક સેવકો આદરને પાત્ર ગણાય. એમની સેવા કદી એળે નહીં જાય. માં મહાલક્ષ્મી અણીના સમયે આવીને એમના કાર્યોમાં ઊભી જ રહેશે.

મિત્રો, હજુ સમાજ સેવાના ઘણા સારા કામો કરવાનાં બાકી છે, એ માટે આપનો સહકાર વધારતાં રહેશો.

હું પોતે એક સેવા પ્રતિનિધિ જ છું, સાહિત્ય સાથે જોડાયેલ હોવાથી આ જાગૃતિ અંક નિયમિત દર બે માસે બહાર પડે એ જવાબદારી સ્વીકારી છે એમ તમે દરેક બાબતોમાં શુધ્ધ સહકાર આપવાનું કામ કરશો.

મિત્રો, આખો મે માસ ગરમ રહેવાનો છે, UV કિરણોથી બચવાના ઉપાયો સતત ચાલુ રાખશો, તરસ ન લાગે તોપણ બે કલાકે પાણી પીશો. બપોરે જે જગ્યાએ હોવ ત્યાં સ્થિર થઈ જશો. કોઈ શ્રી બંધુને ગરમી કારણે તકલીફ થઈ એવું ન થવું જોઈએ. સ્વયં કાળજી લેશો.

આ તમારો વાતોડિયો મિત્ર અહીં અલ્પવિરામ લે છે, આવતા અંકમાં ફરી મળીશું. જય મહાલક્ષ્મી.

**- તંત્રી શ્રી, રાજેશ પંડ્યા 'રાજ'**

**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com

Website - https://samastshreegaudsamajgujarat.org

Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/

**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

| | | |
|---|---|---|
| પેજ સાઈઝ | આખું પેજ 140/210 mm | અડધું પેજ 140/105 mm |
| પેજના ભાવ (રૂ) | 800 | 500 |
| પ્રથમ, બીજું અને છેલ્લું પેજ | 1000 | |

Bank Details:
Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

---

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ  આપણા નજરાણાં અંકને જાહેરાતો થી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. સપ્ટેમ્બર અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી  જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ
રાજેશ પંડ્યા "રાજ" (9428604119)

SBI
Merchant Name : SAMAST SHRIGAUD SAMAJ GUJ
UPI ID : 9824358297@sbi

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.**

# હનુમાનજી મંદિર, સણસોલી

કાલોલથી ૧ ૨ કીલોમીટર અંતરે, મેસરી નદીના કાંઠે સણસોલી ગામ આવેલું છે. સણસોલી ગામ તેના સુપ્રસિદ્ધ ૫૦૦૦ વરસ જુના સ્વયંભૂ હનુમાનજી મંદિર માટે જાણીતું છે.

પંચમહાલ પ્રદેશ મહાભારત કાળમાં હિડિંબા વન ગણાતું હતું, મંદિરમાં આવેલી આ મૂર્તિ વિશે એવી માન્યતા છે કે પાંડવોના ૧ ૨ વરસના વનવાસ પછી અજ્ઞાત વાસ દરમ્યાન ભીમ અને હનુમાનજીનો ભેટો થાય છે, હનુમાનજી એ ભીમનું અભિમાન ઉતારવા તેમની ખાલી પૂંછડી રસ્તામાં મૂકી, ભીમ તે પૂંછડી ઉપાડી શક્યો ન હતો એ પ્રસંગ વાળી આ જગ્યા મનાય છે. મંદિરની આ મુર્તિમાં આજે પણ પુંછડી જોવા મળતી નથી. ભીમના પગલાં અહીં આજે પણ જોવા મળે છે. એની સાથે અતિ પ્રાણશક્તિ ધરાવતી અને સ્વપ્ન બાદ પ્રગટ થયેલી કાળભૈરવની મૂર્તિ વાળું મંદિર આવેલું છે. દર વરસે બદલાતા ચોલાના ઢગ નીચે દટાયેલી આ મૂર્તિ એક ભાવિકને સ્વપ્ન આવ્યાં બાદ મળી આવેલ હતી.

અતિ ચમત્કારિક આ મંદિરમાં વારે તહેવારે ઘણાં ધાર્મિક તહેવારોનું આયોજન કરવામાં આવે છે. ધનતેરસની રાત્રિએ હવન કરવામાં આવે છે અને હજારો શ્રધ્ધાળુઓ એમાં સ્વયંભૂ ભાગ લે છે. આ ઉપરાંત શ્રાવણમાસ, હનુમાન જયંતી અને દરેક શનિવારે સુંદરકાંડ દરમ્યાન ભાવિક ભક્તોની ભીડ મંદિરમાં રહે છે. એવું કહેવાય છે કે શ્રધ્ધાથી મંદિરમાં માનેલી કોઈપણ ઈચ્છા ટુંક સમયમાં જ પૂરી થાય છે. મંદિરની મૂર્તિ સૂતેલી અવસ્થામાં જોવા મળે છે જે ભાગ્યે જ હનુમાનજી મંદિરોમાં જોવા મળતી હોય છે.

આચાર્ય અટક ધરાવતા પુજારીઓની લગભગ આઠમી પેઢી મંદિરની સેવા પૂજા કરે છે.એ પહેલાં એમના વડવાઓ પૂજા કરતાં હતાં. અંગ્રેજ રાજમાં પણ આવેદનપત્ર આપીને હાલ જે પૂજા કરે છે એ પેઢીને મંદિરની સેવાપૂજા અને વહીવટ માટે નિમણૂંક પત્ર આપવામાં આવ્યો હતો.

આજ મંદિર જો હમણાં કોઈ મોટા શહેર પાસે કે શહેરમાં હોય તો લાખો લોકો તેની નિયમિત મુલાકાત લે. જો નર્મદા કેનાલ પાસેથી પસાર થવાનું થાય અથવા પ્રબળ ચમત્કારિક બાબતની જરૂરિયાત ઊભી થાય તો આ સણસોલી હનુમાનજી મંદિર, સણસોલી ની મુલાકાત લેવાનું ચૂકશો નહીં.. અસ્તુ

- તંત્રી શ્રી








# સપ્તેશ્વર મહાદેવ, તા.ઈડર

મિત્રો, સાબરમતી નદી ઉપર અનેક પ્રાચીન તીર્થ સ્થાનો આવેલા છે. એમાં ના એક એવા આજે આપણે સપ્તેશ્વર મહાદેવ વિશે જાણીએ.

સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકામાં આ મહાદેવ મંદિર આવેલું છે. અમદાવાદથી વિજાપુર-લાડોલ-ફૂદેડા થઈને આ મંદિરે પહોંચાય છે. વિજાપુરથી ૩૦ કિમીની અંદર જ આ મંદિર આવી જાય છે. બીજી રીતે હિંમતનગરથી પણ ૩૦ કિમી આ મંદિરનું અંતર છે.

આ પ્રાચીન મંદિર ત્રેતાયુગના સમયનું માનવામાં આવે છે. મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શિવલિંગ પર કુદરતી પાણી ગૌમુખ થકી પડ્યા કરે છે. આ પાણી વરસોથી પડયા કરતું હોવાથી આ સ્થળનું મહત્વ વધી જાય છે. પાણી પછી કુંડમાં ભેગું થઈને સાબરમતી નદીમાં વહી જાય છે. સાબરમતી નદીમાં ચોમાસામાં પાણી ધરોઈ ડેમ થકી જોવા મળે પણ આ શિવલિંગ પર અભિષેક થતું કુદરતી જળ તો બારેમાસ ચાલુ જ રહે છે.

શ્રાવણમાસ-શિવરાત્રી દરમિયાન ભક્તોની નોંધપાત્ર હાજરી અહીં જોવા મળે છે. હવે તો આ સ્થળનો વિકાસ થયો હોવાથી અન્ય ધાર્મિક વિધિઓ પણ અહીં વધારે કરવામાં આવે છે.

આ સ્થળ પ્રકૃતિની ગોદમાં આવેલું હોવાથી એક દીવસીય પ્રવાસના આયોજનનો ખાસ ચોમાસામાં આ સ્થળને કેન્દ્રસ્થાને રાખીને પ્રકૃતિપ્રેમીઓ કરતાં હોય છે.કોઈવાર પાણી વધારે હોય તો આખું મંદિર પણ ડૂબી જતું જોવા મળતું હોય છે.

આ સ્થળે પહોંચવા ST બસોની વ્યવસ્થા છે પણ સામાન્ય રીતે પોતાના વાહનો અને નાસ્તો જમવાનું જોડે રાખીને આવવાનું રખાય તો નદીમાં નહાવા સાથે ઘરનું જમવાનો આનંદ અને દર્શનનો લાભ અવશ્ય મળે.

નદીમાં ભરપૂર પાણી આવેલું હોય ત્યારે આ મંદિરની મુલાકાત લેવા જેવી ચોક્કસ કહેવાય.

- તંત્રીશ્રી



# શ્રી મહાલક્ષ્મી મંદિર, અંબોડ, તા.માણસા, જિ. ગાંધીનગર (મિની પાવાગઢ)

મિત્રો, સાબરમતી નદીના કાંઠે આવેલું પ્રાચીન તીર્થ શ્રી મહાલક્ષ્મી મંદિર, અંબોડનો મહિમા અલગ છે.

આ મંદિર ૬૧૧ વરસ પૌરાણિક મનાય છે.


તેનો ઈતિહાસ જોઈએ. પાવાગઢ ખાતે મહમૂદ બેગડાના સમયમાં તપોધન બ્રાહ્મણો ઉપર તેનો ત્રાસ વધી ગયો હતો. એ ત્રાસથી છુટવા માટે તપોધન બ્રાહ્મણોનું એક જુથ માતાજીનું ત્રિશૂલ અને અખંડ જયોત લઇને પાવાગઢ સ્થાન છોડી દીધું, ફરતાં ફરતાં આ સ્થળે એક ઉંબરાના વૃક્ષ નીચે રોકાયા હતાં. કોઈ અણદીઠો સંકેત થતાં તેઓ ત્યાં જ રોકાઈ ગયાં. અખંડ જયોત એટલા લગભગ ૬૦૦ વરસ ઉપરથી આજ દિન સુધી ચાલુ રહી છે. આ સ્થળ ભક્તિ અને શ્રદ્ધાનું એક પ્રતીક બની ગયું છે.

એક બાજુ સાબરમતી નદી, એક તરફ ગબ્બર જેમ ઊંચે અને નીચે મહાકાળી માતાજીનું મંદિર, બીજી તરફ શિવ મંદિર અને સાબરમતીની ભેખડો વચ્ચે આ બધું હોય તો કોને ન ગમે.? ગુજરાત યાત્રાધામ બોર્ડે આ મંદિરનો ખૂબ વિકાસ કર્યો છે. તમામ વ્યવસ્થાઓ અહીં જોવા મળે છે.

અહીં ચૈત્ર નવરાત્રી,આસો નવરાત્રી, કાળીચૌદશ, ભાદરવી પૂનમે અને દરેક તહેવારોએ ભક્તોના ઘોડાપૂર ઉમટે છે. શ્રધ્ધા ભક્તિ અને સ્થળનો મહિમા રંગ લાવે છે. ઉપરાંત દરેક માસની પૂનમે અહીં હજારો ભાવિકો નિયમિત મુલાકાત લે છે. નિ: શુલ્ક ભોજન પ્રસાદી અને વહેંચાતી સુખડી પ્રસાદીનો ભક્તો અચૂક લાભ લે છે.

આ સ્થળને એટલે મિની પાવાગઢ નામથી પણ ઓળખાય છે. ચોમાસામાં કે પૂનમે કોઈવાર તેની મુલાકાત લેશો તો પ્રકૃતિ અને ધાર્મિકતાનો સમન્વય બતાવે એવું આ સ્થળ છે.

- તંત્રી શ્રી



# હાથણી માતાનો ધોધ

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડાથી ૧૬ કીમી અને ઘોઘંબાથી ૧૮ કીમી અંતરે સરસવા ગામ પાસે સુંદર વન અરણ્ય વચ્ચે હાથણી માતાનો ધોધ આવેલો છે.

નૈસર્ગિક સૌંદર્ય ધરાવતું આ સ્થળ એકદીવસીય પ્રવાસ માટે ખૂબ અનુકૂળ ગણાય છે. ચોમાસામાં ચોતરફ વનરાજી, ઉચ્ચ પ્રદેશની ટેકરીઓ વચ્ચે ધોધ અતિ જીવંત બની જાય છે. ખૂબ ઊંચી ટેકરીઓમાંથી એક ઊંચી ટેકરીની ઊભી ફાંટ પરથી આ ધોધરૂપે નદીનું પાણી નીચે પડે છે. આવો ઉછળતો, કુદતો ધોધ અને એ પણ કુદરતી વાતાવરણ વચ્ચે કોને જોવો ના ગમે ? ધોધ નીચે પણ વાંકાચૂકા ખડકો અને મનમોહક ઝરણાં જોવા મળે છે.

જે જગ્યાએ ધોધ પડે છે ત્યાં એક ગુફા છે, હાથણી આકારનો ખડક આવેલો છે. ધોધ જીવંત બને ત્યારે આ ખડક છૂપાઈ જાય છે. પ્રકૃતિના ચાહકો અહીં પ્રકૃતિના નજારાનો ખૂબ આનંદ લે છે. વડોદરાથી અંતર દુર નહીં હોવાથી ચોમાસાની ઋતુમાં વધારે મુલાકાતીઓ આ સ્થળે આવે છે. પિકનિક સ્પોટ તરીકે આ સ્થળ ખરેખર સારું ગણાય છે.

ધોધનું નામ હાથણી માતાનો ધોધ તરીકે જાણીતું નામ છે. હાથણી માતાની અહીં પૂજા કરવામાં આવે છે. શિવલિંગની પૂજા કરવામાં આવે છે.


ચોમાસાને એકાદ-બે માસની વાર છે, ચોમાસામાં આ સ્થળની મુલાકાત લઈને એક દિવસ પ્રકૃતિ વચ્ચે રહેવાનો આનંદ અવશ્ય લેશો.

- તંત્રીશ્રી









# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંક્ચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧

---

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633 ✆ 94296 18855**

E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com
Website : www.shadashivayurvedic.in

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

# વરદાન કલીનીક
# અને
# વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર




ડૉ. મહેશકુમાર એસ. શુક્લ
વૈદ્ય યોગીનીબેન એમ. શુક્લ
ડૉ. રુદ્રાગ એમ. શુક્લ

**વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર. લુણાવાડા.**
**Mob 9426085801/9428367893**

# સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી સિદ્ધિ પામનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન.



ભારતીય જનતા પાર્ટી ગોધરા શહેરના યુવા મોરચાના મંત્રી તરીકે શ્રી કેવલ શુક્લની વરણી કરવામાં આવી છે.

સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી ખૂબ ખૂબ



આપણા શ્રીબંધુ પરિમલભાઈ બી પંડ્યા ને બઢતી મળતાં જામનગર ના કલેકટર તરીકે નિમણૂંક પામ્યાં છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન.





શ્રીગોડ સમાજના મોટી કાંટડી (હાલ અમદાવાદ નિવાસી) સ્વ શ્રી મનહર પ્રસાદ મૂળશંકર દવેના પુત્રવધૂ તેમજ શ્રી યોગેશભાઈ ભટ્ટના સુપુત્રી **શ્રી હીનાબેન શંકરભાઈ દવે** ને ગીતાજીના સંપૂર્ણ ૭૦૦ શ્લોકો નુ શુદ્ધ ઉચ્ચારણ સાથે કંઠસ્થિકરણ કરવા બદલ ગુજરાત સરકાર દ્વારા **ગીતા ભૂષણ**ની પદવી તેમજ રૂ.૫૧૦૦૦ /- તથા પ્રશસ્તિપત્ર થી સન્માનીત કરેલ છે. ઉપરાંત, ગુજરાત સંસ્કૃત બોર્ડ ના યુ ટ્યુબ વીડિયો માં તેમને સામેલ કરેલ છે.તેમજ તેઓશ્રીએ ગીતા પરિવાર દ્વારા ગીતા વિચક્ષણ ની પદવી પણ પ્રાપ્ત કરીને સમાજનુ ગૌરવ વધારેલ છે.



**શ્રી ગૌડ સમાજનું ગૌરવ**

શ્રીમતી પ્રતિક્ષાબેન તૃપ્તેશકુમાર પંડ્યા, બાલાસિનોર.

ભારતીય જનતા પાટી, મહીસાગર જિલ્લામાં સંગઠનાત્મક નિમણૂંક અંતર્ગત મહીસાગર જિલ્લા કારોબારીમાં શ્રીમતી પ્રતિક્ષાબેન તૃપ્તેશકુમાર પંડ્યા , બાલાસિનોર ની કારોબારી સભ્ય તરીકે નિમણૂંક થયેલ છે. હાર્દિક અભિનંદન.





Congratulations Harshil Dave for completing your Bachelor Degree and the Award in recognition outstanding achievement and Academic excellence - the 1st Rank (all over India) in Bachelor In Sales and Marketing from one of the top renowned universities of India The Tata Institute of Social Sciences (TISS) School of Skill Education (SSE) Mumbai. Your remarkable achievement reflects commitment and pursuit of excellence. Congratulations on this proud and well-deserved honour.We all are proud of you. Lots of love.

અમિતા શુક્લ 'અમી' શ્રીગૌડ સમાજના છે. તેઓ સારી લેખિકા છે, એ આપણા સમાજ માટે ગૌરવ કહેવાય.

તેમના દ્વારા એક નવું પુસ્તક 'ક્ષિતિજ પાર સંવાદ' હાલમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં તેમના હૃદયના ઉંડાણથી નીકળેલા મનમોહક સંવાદ છે. જીવનના અનેક રંગો, લાગણીઓની ભીનાશ અને વિચારોની ગહનતા આ પુસ્તકમાં તેમણે વણી લીધી છે.

આ અગાઉ પણ તેમણે એક પુસ્તક 'નિ:શબ્દ' પ્રકાશિત કરેલ છે.

અમીબેન શુક્લને ખૂબ ખૂબ અભિનંદન.





વિસ્પી જીગર શુક્લા, ભારતમાં ઓર્થોડોન્ટિસ્ટ (Orthodontist) તરીકેની કારકિર્દીથી શરૂ કરીને આગળ વધુ અભ્યાસ અર્થે કેનેડામાં સ્થાયી વસવાટ શરૂ કર્યો. કેનેડામાં ડેન્ટિસ્ટ તરીકેની પદવી મેળવી આગળ કારકિર્દી શરૂ કરેલ છે. આ અદ્‌ભુત સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

આગામી સમયમાં તને ખૂબ જ સફળતા મળે તેવી શુભેચ્છાઓ — તારી આ અદભૂત સિદ્ધિ બદલ તને ખૂબ ખૂબ અભિનંદન!

આશીર્વાદ સાથે
દીપક શુક્લ, નીતા શુક્લ.

---

શ્રી નિરંજનભાઈ શુકલની પૌત્રી મિષ્ટી તેજસ શુકલ એ આર. એસ. એફ. આઈની સ્કેટિંગ કોમ્પિટિશનમાં રાજ્ય કક્ષાએ ૩ ગોલ્ડ ને ૧ સિલ્વર મેડલ મેળવી નેશન માટે સિલેક્ટ થયેલ છે. તેણીએ ખેલમહાકુંભમાં પણ રાજ્ય કક્ષાએ સ્કેટિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. આ ઉપલબ્ધિ માટે તેને યુનિવર્સિટી તરફથી મહિલા દિવસે સન્માનિત કરવામાં આવી હતી.



---





મધુકર દિ. ધ્રૂવ અને અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીનું સાબરકાંઠાના ઈડર તાલુકાના ગામ મુડેટી મુકામે સંસ્કૃત ભાષા અને સાહિત્યની સેવા માટે સન્માન.

---

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાન અને આર.એસ.એસ. સંગઠનના પ્રમુખ કાર્યકર શ્રી વાસુદેવભાઇ જે.પંડયા, બાલાસિનોર નું ભા.જ.પ. દ્વારા સન્માન કરવામાં આવેલ.









મધવાસના મૂળ વતી એવા શ્રીબંધ શ્રીુ મિતુલકુમાર મહેન્દ્રપ્રસાદ જટાશંકર શુક્લ, મોડાસા શહેર વોર્ડ નં. ૩ માં ભાજપના ઉમેદવાર તરીકે વિજય થયા છે. સમસ્તશ્રી ગૌડ સમાજ તરફથી ખૂબ ખૂભ અભિનંદન.



સમસ્ત બ્રહ્મસમાજ તથા આપણી જ્ઞાતિસમાજ ના ગૌરવ એવા વિરાટભાઈ જનકભાઈ પુરોહિત વાડજ બેઠક પરથી તેમજ તાલાળા થી રજનીકાંત મનવંતરાય દવે ની ભવ્ય જીત થયેલ છે ઉપરોક્ત બંન્ને વિજેતા "જ્ઞાતિગૌરવ" ને ખૂબ ખૂબ અભિનંદન.....

આવનાર સમયમાં બંન્ને પોતાનાં ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી બ્રહ્મસમાજ તેમજ જ્ઞાતિસમાજ નું ગૌરવ વધારતાં રહે તેવી શુભેચ્છાઓ....



# પંડ્યા પરિવારનું ગૌરવ

## અવધ હેમલભાઈ પંડ્યા



૧૨ કોમર્સમાં  માર્ચ ૨૦૨૬માં

૭૯% લાવી પરિવારને ગૌરવ અપાવ્યું છે.

દાદા-હરેન્દ્રભાઈ અને પરિવાર વતી

અવધ પંડ્યાને ખૂબ ખૂબ અભિનંદન.

માર્ચ ૨૦૨૪માં એસ.એસ.સી.માં પણ

વગર ટ્યૂશને ૯૪% લાવ્યો હતો.

હરેન્દ્ર પંડ્યા

ઘોડાસર, અમદાવાદ.

## કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

NABH માન્ય



# આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

**Ayurvedic Care for a Harmonious Life.**

હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈદ્ય-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

## આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!



**ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા**
(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે, સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક: 02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

એન્જિનિયરીંગ અભ્યાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ (સાવલી) વડોદરામાં

# K.J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY

## Savli, Dist. Vadodara

(Approved by AICTE, Affiliated to Gujarat Technological University)




વાર્ષિક ૮ લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટે

**100% Scholarship (NO FEES)**



**Diploma (Polytechnic) – Degree Engineering College**

| SSC ધો. ૧૦ પછી<br>૩ વર્ષનો ડીપ્લોમા | HSC ધો. ૧૨ પછી<br>૪ વર્ષનો B.E. એન્જીનીયરીંગ કોર્સ |
|---|---|

- Computer
- I.T.
- E.C.
- Mechanical
- Electrical
- Civil
- Automobile

**સફળતાપૂર્વક અભ્યાસ પછી ૧૦૦% ગેરંટીડ પ્લેસમેન્ટ અથવા પુરી ફી પાછી.**

- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની સવલત
- વડોદરા શહેરના વિવિધ સ્થળોએથી કૉલેજ બસની સુવિધા

K. J. Campus, Opp. I.T.I., Savli - 391770, Dist. Vadodara. | Ph. : (02667) 222264 ☎ : 8980314190
VADODARA ADMISSION HELP CENTRE :
C-212, Manubhai Tower, Near Havmor Restaurant, Sayajigunj, Vadodara. | ☎ : (0265) 2222 900 www.kjit.org




સમસ્તશ્રી ગૌડ સમાજ, ગુજરાતની નવરચિત કારોબારી સભ્યોની બેઠક અંકલેશ્વર મહાદેવ, ગોધરા ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જોષી, મંત્રી શ્રી યોગેશભાઈ શુક્લ, શ્રી કુમુદભાઈ દવે, શ્રી જયંતભાઈ જોષી વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગોધરાની સન્નિષ્ઠ કાર્યકરો શ્રી કકુલભાઈ પાઠક, શ્રી જીગ્નેશભાઈ પાઠક, શ્રીમતી કાશ્મીરાબેન પાઠક, કાલોલથી શ્રીમતી શેફાલીબેન ઉપાધ્યાય, વડોદરાથી શ્રીમતી પલ્લવીબેન શુક્લ, વીરપુરથી ડૉ. મહેશભાઈ શુક્લ, શ્રી જનકભાઈ પાઠક, ઉપરાંત વિશાળ શ્રીબંધુઓએ મિટિંગમાં ભાગ લીધો હતો. પ્રથમ કારોબારી મિટિંગમાં શૈક્ષણિક, મેડિકલ અને સમાજના આર્થિક રીતે નબળાં પરિવારોને અન્ન સહાય કીટ પહોંચાડવા બાબતે ચર્ચા વિચારણા થઈ હતી. શ્રીગૌડ સમાજના જાણીતા એવા હાસ્ય કલાકાર શ્રી દિવાકરભાઈ શુક્લ દ્વારા હાસ્યરસ પીરસવામાં આવ્યો હતો. આ મીટિંગમાં ભૂમીબેન જોષી, શ્રી ધર્મેન્દ્રભાઈ જોષી, શ્રી વિનાયકભાઈ શુક્લ, શ્રી દિગીશભાઈ દવે, શ્રી ભાવેશભાઈ જોષી, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સભાનું સંચાલન શ્રીમતી સ્મિતાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દિન પ્રતિદિન પ્રગતિ કરી રહ્યો છે એ સંદર્ભે આ મીટિંગની ખૂબ જ અગત્યતા હતી. અલગ-અલગ તડ ઘટકોનું એકત્રીકરણ કરી અને સમાજના હિતમાં ઉપયોગી નિર્ણયો લેવામાં આવે એવો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

જય મહાલક્ષ્મી.









# ગોધરામાં સમસ્ત શ્રીગોળ સમાજ અમદાવાદની નવરચિત કારોબારી સભ્યોની બેઠક યોજાઈ




**ઉદય ગુજરાત.ગોધરા**
સમસ્ત શ્રી ગોળ સમાજ અમદાવાદની નવરચિત કારોબારી સભ્યોની બેઠક અંકલેશ્વર મહાદેવ ગોધરા ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રમુખી ધ્રુવભાઈ જોશી, મંત્રી યોગેશભાઈ શુક્લ, કારોબારી સભ્યો કુમુદભાઈ જોશી, જયંતભાઈ જોશી, ગોધરાના કકુલભાઈ પાઠક, જીગ્નેશભાઈ પાઠક, કાશ્મીરાબેન પાઠક, કાલોલના સેફાલીબેન ઉપાધ્યાય, વડોદરાના પલ્લવીબેન શુક્લ, તેમજ અમદાવાદ , કાલોલ, આણંદ ઠાસરા અને નડિયાદ લુણાવાડાથી ડો. મહેશભાઈ શુક્લ અને જનકભાઈ પાઠક વિશાળ સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કારોબારી મિટિંગમાં શૈક્ષણિક, મેડિકલ અને સમાજના આર્થિક રીતે નબળા પરિવારોને સહાય અંગે તેમજ ગુજરાત રાજ્યમાં વસતા શ્રીગોળ સમાજના અલગ અલગ ઘટકો નું એકત્રીકરણ કરવું તેમજ સમાજના હિતમાં ઉપયોગી નિર્ણયો સર્વાનુમતે કરવામાં આવ્યા હતા. હાસ્ય કલાકાર દિવાકર ભાઈ શુક્લા દ્વારા હાસ્યરસ પીરસવામાં આવ્યો હતો.આ મિટિંગમાં ભૂમિબેન જોષી ,ધર્મેન્દ્રભાઈ જોશી ,વિનાયક શુક્લ નિતેશભાઈ દવે ,ભાવેશભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સભા નું સંચાલન સ્મિતાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ

મિત્રો, તારીખ ૨૬/૩/૨૬ ને ગુરુવાર ના દિવસે મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ ખાતે નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એવા શ્રી બંધુઓએ આ નવચંડી યજ્ઞનો લાભ લીધો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા સરસ પૂજાવિધિ કરાઈ હતી. યજમાન તરીકે બેઠેલા શ્રધ્ધાસુમન શ્રીબંધુઓએ હૃદયથી ઉચ્ચ ભાવના સાથે પૂજાવિધિ કરી હતી.સાંજે પુર્ણાહુતિ સમયે શ્રીફળ હોમ વિધિમાં તમામ ભાવિક ભક્તોની હાજરી નોંધનીય હતી.

મંદિર ટ્રસ્ટ દ્વારા ચા-નાસ્તો-ફરાળ અને ભોજન પ્રસાદીની એક માવજતભરી વ્યવસ્થા કરાઈ હતી.

મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ ખાતે કુદરતી વાતાવરણમાં આવા ધાર્મિક પ્રસંગોનું આયોજન થતું રહે છે એ ખૂબ સારી બાબત કહેવાય..









# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા.
# "Box Cricket"

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા દ્વારા તા.૨૫/૪/૨૦૨૬ ને રવિવારે "Box Cricket" નું આયોજન એકલિપ્સ સ્પોર્ટ્સ - ૨ ,અંકોડિયા ગ્રાઉન્ડ , વડોદરા પર સાંજે ૭=૦૦ કલાક થી રાત્રે ૧૧=૦૦ વાગ્યે પૂર્ણ કરવામાં આવ્યું હતું.

સૌહાર્દ ભર્યાં વાતાવરણમાં સૌએ ઉત્સાહથી...આનંદ અને હળવી મજાક મસ્તી થકી રમતને માણી હતી.

રાત્રી સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવી હતી જે સૌ એ માણી હતી.

અંતે રમતની રોમાંચક ક્ષણો ને વાગોળતા સૌ એ વિદાય લીધી.

આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

| | |
|---|---|
| શ્રી મનોજ શુક્લા | શ્રી જયેન્દ્ર દવે |
| મંત્રી | પ્રમુખ |













# સમુહ નવચંડી આયોજન, વડોદરા

શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરા દ્વારા તા-૨૨/૩/૨૦૨૬ને રવિવારના રોજ સમુહ નવચંડી કાર્યક્રમનું આયોજન શ્રી દસાલાડ ભવન, વડોદરા ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં ૧૭ દંપતિઓ પૂજામાં બેઠા હતા.

લગભગ ચારસો શ્રધ્ધાળુ જ્ઞાતિજનોની હાજરીમાં નવચંડી યજ્ઞ સંપન્ન થયો હતો. સાંજે પુર્ણાહુતિ સમયે તમામ શ્રધ્ધાળુ શ્રીપરિવારોની હાજરી નોંધનીય હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરાના પ્રમુખ શ્રી આશિષ પાઠક, મંત્રીશ્રી જતીન ઉપાધ્યાય, કારોબારી સભ્યશ્રી નિશાંત પુરોહિત તથા સમગ્ર કારોબારી સભ્યોની અથાગ મહેનત - સહયોગથી સંપન્ન થયો. દાતાશ્રીઓ તરફથી અભૂતપૂર્વ દાન / ભેટ મંડળને પ્રાપ્ત થઇ હતી.

પ્રમુખ
શ્રી આશિષ પાઠક

મંત્રી
શ્રી જતીન ઉપાધ્યાય








# ખેડા: વાત્રકના કાંઠે વસેલા ખેડા નગરમાં શ્રી મહાલક્ષ્મી માતાજીનો ૧૨૬મો પાટોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો (ખેડા:તા.૨૭ એપ્રિલ ૨૦૨૬)

વાત્રક નદીના રમણીય કિનારે અને પ્રકૃતિના ખોળે વસેલા ઐતિહાસિક ખેડા નગરમાં બિરાજમાન અઢાર ગામ શ્રીગૌડ બ્રાહ્મણ સમાજના કુલદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીનો ૧૨૬મો પાટોત્સવ ગત રોજ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે સમગ્ર શ્રીગૌડ સમાજના ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સાડત્રીસ  શ્રીગૌડ સમાજના  અગ્રણીઓ અને સભ્યોની હાજરીમાં સમગ્ર પ્રસંગ ઉમંગભેર ઉજવાયો હતો.

ઉલ્લેખનીય છે કે, આ પવિત્ર સ્થાનકની સ્થાપના ખેડાના વતની સ્વ. શ્રી ડાહ્યારામ મયારામ પંડ્યા દ્વારા કરવામાં આવી હતી. તેમણે વિક્રમ સંવત ૧૯૫૬ના વૈશાખ સુદ પાંચમના રોજ કાશીના વિદ્વાન પંડિતોના સાનિધ્યમાં માતાજીની પ્રાણપ્રતિષ્ઠા કરાવી, મંદિર અને ધર્મશાળા નિર્મિત કરી  શ્રી અઢાર ગામ શ્રીગૌડ સમાજ ખેડા ને અર્પણ કર્યા હતા. એ જ ભવ્ય પરંપરાને જાળવી રાખતા વિક્રમ સંવત ૨૦૮૨, વૈશાખ સુદ પાંચમ (તા. ૨૧-૪-૨૦૨૬) ને શંકરાચાર્ય જયંતીના પાવન પર્વે ૧૨૬ વર્ષ પૂર્ણ થતા ભવ્ય પાટોત્સવનું આયોજન કરાયું હતું.

પાટોત્સવ નિમિત્તે માતાજીનું વિશેષ રાજોપચાર પૂજન તથા હોમાત્મક નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યોજાયેલા આ યજ્ઞમાં
યજમાન પદે: ૧) શ્રી અમિતભાઈ મનહરભાઈ પંડ્યા સહ શ્રીમતિ હેમાંગીની (હેમા) અમિતભાઈ પંડ્યા. ૨) શ્રી દીપકભાઈ મનહરભાઈ પંડ્યા સહ શ્રીમતિ દક્ષાબેન દીપકભાઈ પંડ્યા. એ બિરાજમાન થઈ પૂજા-અર્ચનાનો અમુલ્ય લ્હાવો લીધો હતો.

આ મંગલમય પ્રસંગે અઢાર ગામ શ્રીગૌડ સમાજના વિવિધ ગામોથી પ્રતિનિધિઓ અને જ્ઞાતિજનો સહકુટુંબ હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત તમામ ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો અને રાબેતા મુજબ માતાજીના આશીર્વાદ મેળવી સહુ આનંદભેર વિદાય થયા હતા.

અહેવાલ લેખન : હરેશભાઈ પંડ્યા , નડિયાદ - ખેડા.





# "શબ્દશ્રી" સાહિત્યને સમર્પિત સામયિકનું વિમોચન


તા. ૧૯/૪/૨૬ના અક્ષયતૃતીયાની શુભ સાંજે અમદાવાદ ખાતે શ્રેય ચેરીટેબલ ટ્રસ્ટ અને હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનાં સૌજન્ય સાથે અમદાવાદમાં સદ્‌પરિવારના ડો. નિતીન સુમંત શાહના મલ્ટીપર્પઝ સભાખંડ ખાતે "શબ્દશ્રી" સાહિત્યને સમર્પિત સામયિકનું વિમોચન થયું જેમાં આશીર્વાદ સાથે પરોક્ષ સિંહ ફાળો આપનાર ડૉ. નિતીન શાહ, સહતંત્રીશ્રી ધ્રુવ જોશી મંચ ઉપરથી આપણા પૂર્વ મુખ્ય સચિવ, જાગૃત સંસ્કાર શ્રેષ્ઠી પી. કે. લહેરી સાહેબ, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, ચિત્રકાર અમિતાભ ચુનીલાલ મડિયા, અભિયાન તંત્રી તરુણ દત્તાણી, તંત્રીશ્રી દર્શના વ્યાસ, વ્યવસ્થાપક તંત્રીશ્રી વિરલ વ્યાસ, સંપાદક શ્રીમતી કિરણબેન બૂચ સહિત અનેક સર્જકો અને ભાવકોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે 'શબ્દશ્રી' સામયિકનું લોકાર્પણ થયું. અનેક લોકો દ્વારા શબ્દશ્રીનું વાર્ષિક લવાજમ ભરીને આ સમાયિકને વધાવી લેવાયું.

ઉલ્લેખનીય છે કે શ્રીગૌડ જાગૃતિ ના તંત્રી શ્રી રાજેશ પંડ્યા 'રાજ' પણ આ કાર્યક્રમમાં હાજર રહી અને કાર્યક્રમને સંપૂર્ણ માન આપ્યું હતું.








# પરિચય

## શ્રી ધ્રુવકુમાર જોષી

## પ્રમુખ શ્રી : શ્રીગૌડ સમાજ - ગુજરાત.



નામ : શ્રી ધ્રુવ જોષી

જન્મ તારીખ : ૦૩-૧૧-૧૯૫૧

શિક્ષણ : અનુસ્નાતક (પેટ્રોકેમિકલ એન્જીનીયરીંગ)

પ્રકાશિત પુસ્તકો : જીવનધારા, જીવનદીપ, જીવન સફર, જીવન ચક્ર, નમસ્તુભ્યમ્

આદરણિય પરિજનો,

આપની સમક્ષ, સ્વપ્રકાશિત સૂર્યકિરણ સમાન શ્રી ધ્રુવભાઈ જોષી, વર્તમાન પ્રમુખ શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનો સંક્ષિપ્તમાં પરિચય રજુ કરવાનું સૌભાગ્ય સમજું છું.

વનાંચલનું પ્રવેશ દ્વાર - કાલોલ (પંચમહાલ) માં તા.૦૩-૧૧-૧૯૫૧ ના શુભ દિને શ્રી ગૌડ ૧૩૫ કાલોલ પક્ષના બ્રહ્મ અગ્રણી પિતાજી સ્વ. જયશંકરભાઈ જોષી અને માતાજી સ્વ. હીરાલક્ષ્મીબા ના ગૃહે દેહાવતરણ (જન્મ). શૈષવ - શૈક્ષણિક સમય કાલોલ (પંચમહાલ) - ગોધરા અને અમદાવાદ. પ્રારંભિક વ્યવસાયિક કારકિર્દી, અનુસ્નાતક પદવી સાથે, ટ્યુટર તરીકે નવજીવન કોલેજ... કંઈક અધુરપ લાગતાં, કોર્પોરેટ જગત માંધાતા જેવા કે હિન્ડાલ્કો (આદિત્ય બિરલા ગ્રુપ), મોદી ગ્રુપ, કનોરિયા ગ્રુપ... વિ. માં નિપૂણતા અજમાવી અને ક્રમશઃ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ જેવી પદવી શોભાવી. સાથે સાથે રાષ્ટ્રિય તેમજ આતંરરાષ્ટ્રિય ક્ષેત્રે ઘણાં સેમિનારમાં પોતાના વિશેષ જ્ઞાનનો પ્રકાશ પાથરી, નવયુવકોને વ્યવસાયિક ક્ષેત્રે તૈયાર કર્યા. માતૃપક્ષે વિધા અને વિદ્વતા છલકાતી હતી, જ્યારે પિતૃપક્ષે આરોગ્યના પ્રહરી, પ્રચારક, પ્રશંશક નો વારસો. પ્રેમના સાનિધ્યમાં સ્વર્ગ છે એ અ.સૌ. મયુરીબેન સાથેના લગ્નજીવનનો નિષ્કર્ષ. અરે, વ્હાલનું વૃંદાવન નક્સામાં શોધવાથી ન મળે, હૃદયમાં પ્રગટાવવું પડે એ અનુભૂતિ, તથા ખીલવું-ખરવું એ બન્ને પ્રભુ થકી પરન્તુ એ બે વચ્ચે મહેંકી જવું એ સ્વભાવ થકી જીવનનો બોધ. ૩૦ વર્ષનું દામ્પત્ય જીવન અકાળે નંદવાઈ જતાં વેદનના જે વમળ ઉઠ્યા તેણે શ્રી ધ્રુવભાઈ ને કાવ્યસર્જનના કાંઠે પહોંચાડ્યા. એટલે જ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાક્ષર શ્રી રાજેન્દ્રભાઈ પાઠક કહે છે કે એક સફળ રસાયણ શાસ્ત્રી એક C.E.O., વ્યાપાર વણજની આગવી સૂઝ ધરાવતો સુજ્ઞજન જ્યારે સાહિત્યમાં ઝુકાવે ત્યારે પણ તે અવ્વલ નંબરનું જ કામ કરે, જે તેમની સ્વભાવગત ટેવ છે. જે વ્યક્તિ જીવનના ૬૦ વર્ષની વય સુધી સર્જન અને સાહિત્યની સમીપ ન હતા, પરંતુ અનુરાગ પુષ્પિત દામ્પત્યજીવન અકાળે નંદવાઈ જતાં... જે હૃદયમાં વેદનાના સ્પંદનો ઉપજ્યા, પરિણામે આપણને (૧) નમસ્તુભ્યમ્ (૨) જીવનધારા (૩) જીવનદીપ (૪) જીવન સફર અને (૫) જીવનચક્ર જેવા ઉત્તમ પુસ્તકો ના નજરાણાં મળ્યાં.

**માતૃપક્ષે સુશ્રુત સર્વ શ્રી... મામા "ઉશનસ્",જયંતભાઈ પાઠક, રમણભાઈ પાઠક, સરોજબેન પાઠક અને રાજેન્દ્રભાઈ પાઠક જેવા પ્રખર સાહિત્યકારોનું સંસ્કાર સિંચન અને શ્રી ચિનુભાઈ મોદીનું શ્રેષ્ઠ માર્ગદર્શન, આપણાં ધ્રુવભાઈની પ્રતિભાને મેઘાવી અનુભૂતિ બનાવે છે. વળી શ્રી ઉમેશભાઈ કાપડિયા તો ત્યાં સુધી કહે છે કે... તેમની કવિતામાં સરલતા, વિષાદ, શિષ્ટતા, પ્રાસંગિક વાણી, સફાઈયુક્ત રાગ-ઢાળ-છંદ-સોનેટ-વિચાર કલ્પનાનું લાગણી સભર સમુચિત સંયોજન અને કાવ્ય સ્વરૂપોનું વૈવિધ્ય - આ બધા લક્ષણો એ તેમની કવિતાને આસ્વાદ્ય બનાવી છે. વ્યસ્ત જીવનમાંથી યથાવકાશે સામાજીક એવમ્ ધાર્મિક ક્ષેત્રે પણ સંપૂર્ણ સક્રિય. વળી, "આલ્કલી મેન્યુફેક્ચરીંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા"ના કાર્યકારી સદસ્ય તરીકે ઉત્તમ સેવા ઘણા વર્ષો સુધી પ્રદાન કરી છે. અને રોટરી કોમ્યુનિટી કોર્પ્સ - ભરૂચમાં સતત ત્રણ વર્ષ સુધી ઓનરરી મેમ્બરના સન્માનનિય પદે રહ્યા છે.**

**આવા આપણા સમાજના મેઘાવી પ્રમુખશ્રી ધ્રુવભાઈ જોષી, ઋજુ હૃદયી - મળવા અને દિલમાં સંઘરવા જેવું વ્યક્તિત્વ ધરાવે છે. તેમનો જીવનમંત્ર છે-સ્વ ઉદાહરણ થકી નેતૃત્વ કરો અને કોઈપણ વિપરિત પરિસ્થિતીમાં હસતા રહો. જ્યારે અપ્રમાણિક્તા અને આળસુજનો તેમની નાપસંદ છે. તેમની પસંદગીના પુસ્તકો, રામાયણ અને ગીતા છે અને છેવટે મને વિશ્વાસ છે કે પ્રત્યેક ક્ષેત્રના નભોકાશે - આપ ધ્રુવતારકની માફક રેલાવતા રહેશો. પ્રભુ આપને દીર્ઘાયુ બક્ષે અને આપની સેવાનો લાભ સમાજને મળતો રહે એ જ પ્રાર્થના.... અસ્તુ !**

**ભવદીય.... આપનો શ્રીબંધુ...**
**કુમુદ દવે ના જય માતાજી.**

---

# ખુશીનું વૈદું

- વરિયાળી અને ધાણાનો ઉકાળો કરી, તેમાં સાકર નાખીને પીવાથી ઉનાળાની ગરમી કારણે વધેલ પિત્તનું શમન થાય છે.
- વરિયાળી અને ગોખરુનો કાઢો બનાવીને પીવાથી ઉનાળામાં મુત્રદાહમાં રાહત મળે છે.
- વરિયાળી અને સાકરને સમાન ભાગે લઈને ચૂર્ણ કરીને પાણી સાથે લેવાથી ચક્કર આવતા બંધ થાય છે.
- આખા ધાણાને પાણીમાં વાટીને થોડા સાકર-મધ નાખીને પીવાથી ઉનાળામાં તરસ લાગવામાં રાહત મળે છે.
- ઉનાળામાં શરીરમાં દાહ માં રાહત માટે આખા ધાણાને ઝીણા વાટીને રાતે પલાળી રાખી, સવારે સાકર ઉમેરી પીવા થોડા દિવસોમાં શરીરમાં દાહ ઓછો થવા માંડશે.
- રક્તપિત્ત અટકાવવા લીલી કોથમીરનો રસ ખાંડેલી સાકર સાથે નિયમિત લેવો જોઈએ.
- કાળી દ્રાક્ષ, વરિયાળી,ધાણા, સાકરને એક માટીની કુલડીમાં રાતે પલાળીને સવારે મિક્ષ્ચર માં ક્રશ કરીને પાણી સાથે ચાવી જવાથી કોઠામાં ગરમી, દાહ, પિત્ત વૃધ્ધિ જેવી તકલીફોમાં રાહત થાય છે.

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

## Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**


- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)







**Managing Committee**

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

# MALHAAR SPORTS ACADEMY

**CRICKET**

**TENNIS**

**FOOTBALL**

**BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara




**101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.**
**www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372**

# EMERALD
# DEVELOPERS

## KAMLESH PATHAK
**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

# ગામડી ગીતા

રચના..........



"હે જાગને જાદવા..." ગીતાએ સવારમાં ઘરમાંથી કચરો કાઢતા ગાવાનું શરૂ કર્યુ. ગીતાનો જેઠ એના રૂમમાંથી બરાડયો "કોણ છે આ ?" ગીતાની સાસુ આવી અને બોલી "આ શહેર છે. પાડોશીની ઉંઘ બગડે તો પણ એ ઝઘડો કરે. મૂંગે મૂંગે કામ કરવાનું હવે પછી ગામડીયાવેડા કરતી નહીં." આ સાંભળી ગીતા ચુપ થઈ ગઈ. પિયરથી એનો વહાલો પોપટ "મીટુ" જે જોડે લાવેલી એ કાલ સુધી "સીતા-રામ" બોલતોહતો એ પણ ચુપ થઈ ગયો.

ગીતાના લગ્ન એક ગાયક કલાકાર રવિ સાથે થયા હતાં, એક ભક્તિ ગીત સ્પર્ધામાં એનો ગીતા સાથે પરિચય થયો. ગીતાનો સુરીલો અવાજ, સાદગી એને હ્રદયમાં વસી ગઈ. બંને ઘરોની સંમતિથી લગ્ન લીધાં. રવિને તરત જ એકમાસ વિદેશ ટૂર ઉપર જવાનું થયું. ગીતા ગામડામાં રહેલી અને અચાનક જ હાઈ-ફાઈ ફેમિલી સાથે રહેવાના દિવસો આવ્યાં. ગીતા એના પિતાના ઘેર, ઘરનું કામ કરતાં, છાણ-વાસીદું કરતાં, રસોઈ બનાવતાં, ખેતરે ખાવાનું આપવા જતાં અને સાંજે મંદિરમાં આરતી પછી મનમાંથી જે ભજન,લોકગીતો નિકળે એ ગાતી એના ભજનનો હેવાયો એનો પોપટ મીટુ થઈ ગયેલો, મીટુ ભજનમાં વચ્ચે વચ્ચે હોંકારા પૂરે.સાસરે આવી, પતિ રવિ વિદેશ જતો રહ્યો, ઘરનું તોછડું વાતાવરણ એટલે એનું ગાવાનું બંધ થઈ ગયું. ગીતા અને મીટુ આંખોથી વાતો કરે. બંને અંદર અંદરથી રડે, પરાણે ખાય અને પૂતળાં હોય એવાં થઈ ગયાં.

ગીતાએ એકવાર મીટુ જોડે આંખ મિલાવી એનું પિંજરૂ ખોલી દીધું, રડતાં રડતાં ધીમા અવાજે બોલી "હું અને તું મુક્ત ગગનમાં જીવ્યાં, મારી સાથે તું બંધનમાં રહે એ કરતાં તું આજથી મુક્ત થઈ જા. આખા ગગનમાં ઉડ." સમજદાર મીટુ પિંજરામાંથી બહાર નિકળી, ગીતાના માથે બેસી વહાલ કરવા લાગ્યો, ફરી પાછો પિંજરામાં જતો રહ્યો.

એક માસ પૂરો થતાં રવિ આવ્યો, ગીતાને જોઈ ચમકી ગયો, તરત જ એક ડોક્ટરનો સંપર્ક કરી રિપોર્ટ કઢાવ્યાં, બધું નોર્મલ આવ્યું. ગીતા કામ પુરતું બોલે, ચેહરા ઉપરથી નૂર ઉડી ગયેલું. રવિને ચિંતા થઈ એણે એની સાસુ રૂપબેનને તાત્કાલિક બોલાવી. રૂપબેન આવ્યાં, ગીતાએ માત્ર પાણી આપ્યું એક શબ્દ પણ બોલી નહીં,મીટુએ એની સાંકેતિક ભાષામાં બધું કહી દીધું, રૂપબેને જમાઈ રવિને વાત કરી કે તમે પંદર દિવસ ગીતા સાથે ગામડે રહેવા આવો. રવિ માની ગયો. રવિના ઘરના સભ્યોને તો પડી જ નહોતી.

રવિ,ગીતા, મીટુ ગામડે આવ્યાં, ગીતાએ જ્યાં પિતાજીને જોયાં એ ભેગાં ધ્રુસકે ને ધ્રુસકે રોઈ પડી. રડતાં રડતાં બધું સંકલન વગરનું બોલતી ગઈ પણ રવિ સમજી ગયો.

રવિએ બીજે દિવસ સવારે ગીતા જાગે એ પહેલાં જાગી, ગમાણમાં ગાયોને પંપાળતા પંપાળતા " હે જાગને જાદવા ..કૃષ્ણ ગોવાળિયા.." પ્રભાતિયું ગાવાનું શરૂ કર્યુ, તરતજ મીટુ હોંકારા પડકારા કરવા લાગ્યો, ગીતા ઉઠી અને સીધી ગમાણમાં ગઈ અને જોયું તો રવિ ટોપલામાં તાજું છાણ ભરતો ભરતો ગાતો હતો. ગીતા હસી પડી અને એ છાણવાળા રવિને આલિંગનમાં લઈ પડી.એમનું મિલન જોઈ ગાયો પણ ભાંભરવા માંડી.

રવિએ ગીતાની માફી માંગી, ગીતાએ ફરી આલિંગન આપ્યું, આખો દિવસ ગીતા, મીટુ અને રવિ ખેતરોમાં ફર્યા, લોકગીતો ગાયા અને સાંજે આરતી પછી તો એક ભજન ગીતા ગાય, સામે રવિ બીજું ભજન ગાય. ગામવાળા બધાં ખૂશ ખૂશ થઈ ગયાં.

રવિએ અમદાવાદથી પંદર કિલોમીટર દૂર એક ફાર્મ ખરીદ્યું. રવિ ગીતા, મીટુ સાથે પ્રેમથી ત્યાં રહે છે, રવિના દરેક પ્રોગ્રામોમાં ગીતા લોકગીતો ગાય છે, જરાપણ માનસિકતાણ ગીતામાં જોવા મળતી નથી.■

-રાજેશ પંડ્યા - 'રાજ'

તંત્રીશ્રી અને સહમંત્રી

# પી. એમ. જોષી મેમોરિયલ ટ્રસ્ટ, ગોત્રી, વડોદરા

મિત્રો, આજે આપણે આપણા જ શ્રી બંધુની ખૂબ જાણીતી સંસ્થા એવી પી એમ જોષી મેમોરિયલ ટ્રસ્ટ અંતર્ગત વિદ્યા મંદિર સ્કૂલ વિશે જાણકારી મેળવીશું. આ ઉપરાંત એમની જ રાહબરી હેઠળ સંચાલિત એવા શિવમ પાટી પ્લોટ વિશે જાણકારી મેળવીશું.

પી એમ જોષી મેમોરિયલ ટ્રસ્ટ ની સ્થાપના સાલ ૨૦૦૨ માં કરવામાં આવી હતી. પી એમ જોષી એટલે પરસનબેન મૂળજીભાઈ જોષી. પરસનબેન વડોદરાના ગોત્રી ગામના વતની. ખૂબ સંઘર્ષમય જીવન વીતાવી પોતાના કુટુંબને સુખ આપ્યું. સમાજને સતત મદદરૂપ થતાં રહ્યાં. એમના ઘેરથી કોઈપણ જરૂરિયાત મંદ ખાલી હાથે ન જાય એવા એક કાયમી સંસ્કાર ઘરમાં સ્થાપિત કર્યા. એમના સુપુત્ર પ્રાણશંકર દાદાએ આ સંસ્કાર આગળ વધારી રાખીને વારસાગત રીતે પ્રદીપભાઈને અને એમના દીકરા ભૌમિક અને એના દીકરા મલ્હાર સુધી તેને જળવાયેલ રાખ્યાં છે.

આ ટ્રસ્ટ હેઠળ વિદ્યા મંદિર સ્કૂલ વિશે વાત કરીએ. પ્રાણશંકર દાદાના ધર્મપત્ની વિદ્યાબેન ખૂબ સરળ અને ઋજુ સ્વભાવનું વ્યક્તિત્વ ધરાવતા હતાં. એમના નામ પરથી વિદ્યા મંદિર સ્કૂલ ૨૦૦૨ ની સાલમાં શરૂ થઈ. સૌ પ્રથમ સ્કૂલ મેનેજમેન્ટ માં શ્રી પ્રદીપભાઈ પ્રાણશંકર જોષી અને તેમના ધર્મપત્ની શ્રીમતિ સ્મિતાબેન પ્રદીપભાઈ જોષી જોડાયા. ખૂબ સરસ મેનેજમેન્ટ પાવર, નિ:સ્વાર્થ ભાવનાથી ઉચ્ચ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સ્થાયી જેવો સંતોષી શૈક્ષણિક સ્ટાફ કારણે સંસ્થાની પ્રગતિ થતી ગઈ.

જોતજોતામાં નર્સરીથી શરૂ કરીને ધોરણ ૧૨ કોમર્સ English /ગુજરાતી બંને મિડિયમ સાથે અનેક વિદ્યાર્થીઓ ભણતાં હોય એવી આ સંસ્થા એક વટવૃક્ષ સમાન ઊભરી આવી.

વધુ વિસ્તાર થતાં મેનેજમેન્ટ માં જરૂરિયાત જણાતાં શ્રી ભૌમિક પ્રદીપભાઈ જોષી અને શ્રીમતી ભાગ્યશ્રી ભૌમિક જોષી સાથે શ્રી વસંતભાઈ પટેલ અને શ્રીમતી દીપાબેન વસંતભાઈ પટેલ આવા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાકીય કામમાં જોડાયાં.

સ્કૂલની રચનાત્મક પ્રવૃત્તિઓ કારણે સ્કૂલના અનેક વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પસંદગી પામ્યાં, વિજેતાઓ બન્યાં. આ ક્રમ હજુ વધારે પ્રમાણમાં જળવાઈ રહી અને ચાલુ જ છે. સ્કૂલમાં સાચું શૈક્ષણિક કાર્ય થતું હોવાથી ધોરણ ૧૦-૧૨ માં સ્કૂલે સતત મહત્તમ પરિણામો જાળવી રાખ્યાં છે. અન્ય ધોરણોમાં શ્રેષ્ઠ જ્ઞાન આપવા થકી પાયાની તૈયારીઓના પરિણામ સ્વરૂપે દરેક વિદ્યાર્થીઓએ ઉજ્જવલ કારકિર્દીઓ જીવનમાં મેળવી રહ્યાં છે.

વિશાળ સ્કૂલ સંકુલ સાથે સંનિષ્ઠ સ્ટાફ, ઉચ્ચ મેનેજમેન્ટ સાથે સેવાહેતુ નો સમન્વય જોવો હોય તો આ સંસ્થાની અચૂક મુલાકાત લેશો. વડોદરા નિવાસી એવા આ લેખ વાંચનારા શ્રીબંધુઓ અન્યને પણ આ માહિતી મોકલીને માહિતીગાર કરશો.

સંસ્થાનો પાયાનો સિધ્ધાંત સેવાકીય પ્રવૃતિઓ હોવાથી કોઈ ડોનેશન પ્રથા સ્થાપના વરસથી અહીં કદીય જોવા નથી મળતી. કોરોના સમયમાં દોઢ વરસ સ્કૂલના શિક્ષકોને ઓછું કામ હોવા છતાંપણ નિયમિત પગાર આપીને દરેક કુટુંબને સહાયરૂપ આ સંસ્થા બની.

આવી એક શિક્ષણ મંદિર સમાન આ સંસ્થાની તમે એકવાર રૂબરૂ મુલાકાત લેશો.

- તંત્રી શ્રી






YUGANTAR
Shree Vidhyamandir Vidhyalaya
Donald kids
Annual Concert




Shree Vidhyamandir Vidhyalaya
IN MODERN TIME








Donald Kids Academy
Shree Vidhyamandir Vidhyalaya


Donald Kids
Shree Vidhyamandir

# શિવમ પાર્ટી પ્લોટ

શ્રી પ્રદીપભાઈ પ્રાણશંકર જોષી અને શ્રીમતિ સ્મિતાબેન સાથે શ્રી ભૌમિકભાઈ જોષી સંચાલિત શિવમ પાટી પ્લોટ વડોદરાના જાણીતા પાર્ટી પ્લોટો માં એક ગણાય છે. લગ્ન સમારોહ, જનોઈ પ્રસંગ, અન્ય પ્રસંગો માટે આ શિવમ પાટી પ્લોટ તમામ સુવિધાઓથી ભરપૂર ગણાય છે.

એક તો અલ્કાપુરી જેવો નજીક પોશ વિસ્તાર, ૧ લાખ ચોરસ ફૂટ જેવી વિશાળ જગ્યામાં બારસો થી પંદરસો માણસોનો સમાવેશ થઇ શકે એવી લોન સુવિધા, ગાર્ડન જ લાગે એવો આ પાટી પ્લોટ કુદરતી વાતાવરણ વચ્ચે ફેલાયેલો જોવા છે. વર-વધુ ને તૈયાર થવા વિશાળકાય AC વાળા બે મોટા રૂમ, જમવાનું બનાવવાની વ્યવસ્થા થાય એવું મોટું રસોડું, વોશરૂમ, સાથે અન્ય વ્યવસ્થા અને વિશાળકાય પાર્કિંગ. આ સિવાય બીજું શું જોઈએ.

વડોદરા ખાતે લગ્ન માટે જરૂરિયાત હોય તો આ શિવમ પાટી પ્લોટ, ગોત્રી, વડોદરા નો અચૂક સંપર્ક કરાય..

- તંત્રી શ્રી






Shivam








2019-4-28 12:49





## સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
## જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા





# જોષી ચશ્માવાલા
# & કોન્ટેક લેન્સ કિલનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧






**“૨૦૧૭ થી શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ”**

લોમેશ ઉપાધ્યાય - નૃપેશ ઉપાધ્યાય

# રણભૂમિમાં શંખનાદ ગુંજે

ધૂળે આકાશ ઢાંકી લીધું,
અર્જુનના હૈયે સંશય ઊઠ્યો, મન જાણે કાંપીને બેઠું.

હાથમાં ધનુષ્ય થંભી ગયું, નજરે પોતાના સ્વજન દેખાયા,
યુદ્ધ કરવું કે પાછું વળવું  પ્રશ્નોએ મનને ઘેરયા.

રણભૂમિ વચ્ચે મોહન ઊભા, આંખોમાં અડગ પ્રકાશ,
તેમની વાણી સાંભળી વીરોએ, હૈયે ભર્યો અવિનાશી વિશ્વાસ.

રથનો સારથિ બની તેમણે, જીવનનો મર્મ સમજાવ્યો,
રણયુદ્ધમાં જીત-હાર શું? ધર્મનો દીપ જલાવ્યો.

અર્જુન ફરી દૃઢ થઈ ઊઠ્યો, શંકાના વાદળ દૂર થયા,
કૃષ્ણના વચનથી રણમાં પણ, સત્યના સૂર ફરી ગાયા.



ભવ્યા ડી. શુક્લ

# પાછું જાવું છે મને

પાછું જાવું છે મને મારા ઘર મારા ગામ,
નાનકડું અને સુંદર કાલોલ છે જેનું નામ,
સાંકડી શેરીઓને મસ્તીનો એ સંગ્રામ,
વરસાદના ટીપા અને પતરાઓનું ગાન,
એક જ રૂમ જાણે એ તો ઈશ્વરનું ધામ,
માતાનો પ્રેમ અને પિતાનું  હતું એ માન,
ભાઈ બેન નો પ્રેમ અને મસ્તી એનું કામ,
નિર્દોષ પડોશી આપજનો સમ તું જાણ,
અટવાયો શહેરમાં જ્યાં સ્વાર્થ એજ શાન,
શું લાગણી કે પ્રેમ, શૂન્ય અહીં તો સ્વમાન.




દક્ષેશ જોષી, વડોદરા

# યુદ્ધ ભૂમિ

જીવન તો છે યુદ્ધ ભૂમિ
ક્યારેક હાર તો ક્યારેક જીત
પણ લડવું તો પડે બધાંને
કંઈક તો શીખવે છે એમાંથી
પછડાટ ખાધા પછી ઊભા થઈ
ફરી પાછા લડવા તૈયાર થઈ
હાર જીતના ફેંસલામાં પણ
અનંત સુખમાં જીવતા રહીએ.



માલા પાઠક

# અરવલ્લી જિલ્લાનું ગીત



કિશોર એમ. શુક્લ - શબ્દધર

માજુમ, વાત્રક, મેશ્વો સરિતાનાં પાવન નીર,
જુમી ઉઠે અરવલ્લીનું અદકેરું ખમીર.
મન મલકે, સ્નેહ છલકે, શામળિયો ગદાધર,
તારક બનશે અરવલ્લી, જ્યાં સુલભ છે વિદ્યાસાગર.
રાંક ન લાગે કોઈ જ્યાં, ધમધમતો કૃષિ-સ્વરોજગાર.
વહે સેવાની સરવાણી, પ્રવૃત્તિ સેવા સંસ્થાઓ અપાર,
હેત વધારે જનગણ સૌ, સર્વ જ્ઞાતિનો ઉચ્ચ સહકાર.
તાંબા જેવી ખીલી ઉઠશે, કલરવતી ભાવિ સવાર.
નીત-નવીન સંકલ્પોને સ્વબળે કરીએ સાકાર,
રમ્ય શોભશે નૂતન અરવલ્લી, સાથે શોભશે ગુજરાત.

# રણભૂમિ

**(સોનેટ)**



ડૉ.બિરેન પાઠક, ઘોઘંબા

રણમાં જે જીતે તે શૂર; બાકી બધું છે બેસૂર;
જીવનમાં જીતે તે શૂર; બાકી બધું છે બેસૂર;
યુદ્ધોનો ઈતિહાસ શૂર ;નહીં તો છે ગાંધી બેસૂર;
રણભૂમિ જુસ્સો શૂર; લોહીમાંસ છે બેસૂર;
ભારત નામ છે શૂર; તેને છોડે તે છે બેસૂર;
અશોક રાજા છે શૂર; ના સમજે તે છે બેસૂર;
મહાવીર મોટા છે શૂર; ના સમજે તે છે બેસૂર;
અમેરિકા ખોટો છે શૂર; દુનિયા છે તેથી બેસૂર;
કાંકરી ચાળે થાવું છે શૂર; લડવું નૈ તો છે બેસૂર;
ધરમ વગર થાવું છે શૂર; ખાલી વાતો છે બેસૂર;
કુરુક્ષેત્રમાં છે શૂર; ખાડી યુદ્ધ છે તે બેસૂર;
જગત કાજે દોડે તે શૂર; ખીચડી રાંધે તે બેસૂર;
રણભૂમિ નો રંગ છે શૂર; બાકી રંગો છે બેસૂર;
જંગ જીતીને બનીએ શૂર; દૂર કરીએ સૌ બેસૂર.

# શ્રદ્ધાઃ અંતરનો દીવો



દીપકભાઈ શુક્લ, ગોધરા

શ્રદ્ધા અંધારામાં દેખાતું એક કિરણ,
ભીતર વહેતું આસ્થાનું એક પવિત્ર ઝરણ.
જ્યારે ચારેબાજુથી ઘેરાયેલા હોય કાળા વાદળ,
ત્યારે હૈયામાં જળવાયેલું અડગ મનોબળ.
નથી દેખાતો ઈશ્વર, છતાં હોવાનો એહસાસ છે,
શ્રદ્ધા એ જ તો જીવનનો ખરો શ્વાસ છે.
પથ્થરમાં પણ પરમેશ્વરને જોવાની દ્રષ્ટિ,
એના જ જોરે ટકી રહી છે આ આખી સૃષ્ટિ.
કસોટી થાય જ્યારે જીવનમાં ડગલે ને પગલે,
ધૈર્ય ખૂટે ને મન જ્યારે ચિંતામાં ડૂબે,
ત્યારે શ્રદ્ધાનો હાથ પકડીને ચાલવા જેવું છે,
હાર્યા વગર ફરી પાછા બેઠા થવા જેવું છે.
દવા કામ ન આવે ત્યારે દુઆ કામ આવે છે,
શ્રદ્ધા જ માણસને મુશ્કેલીમાંથી બચાવે છે.
શ્રદ્ધા એટલે માત્ર માથું નમાવવું એવું નથી,
પરંતુ ભરોસો રાખીને પરિસ્થિતિને જીતવી એ છે.
નિરાશાના વનમાં આશાનું ફૂલ ખીલાવે એ શ્રદ્ધા,
ડૂબતી નૈયાને કિનારે લાવે એ જ સાચી શ્રદ્ધા.

જય ગણેશ

# શ્રી મહાલક્ષ્મી માત કી જય



માલિની જોષી પાઠક

શ્રી મહાલક્ષ્મી માતા
આદ્ય પક્ષ ની અગાધ શક્તિ તે જ તો છે બક્ષી!
દરેક માટે છે આશિષ તારી પાસ
સુખ-દુ:ખ ની વાતો ભક્ત કરે,પ્રશ્ન કરે ને નિરાકરણ માગે!
"માં "ની સાથે સંવાદ કરી સૌ મન
હળવું કરે,
કેવી રીતે કહું તને ?તેવી  મુઝવણ અહી નથી.
મન ની વાત તો તું સુપેરે જાણતી

તું શક્તિદાયીની અને પ્રેરણા મૂર્તિ છે ,
પળે- પળે આત્મવિશ્વાસ દાઈની છે.

રોજ તારા દર્શન થાય તેજ પ્રાર્થનામાં માગું,
મન શાંત કરે ને, મનોકામના પુર્ણ કરે

અખો નોમ માં નમે સૌ શિર અહી
કૃપા થાય તેમની તેથી જ પુજા ,અર્ચના થાય.

તેથી જ પેઢી દર પેઢી ભક્તિ ભાવ આમ ગાઢ થાય

માં ક્યાં માગે છે માનપાન ?
તે તો સદાય વરસાવે વહાલ ને લાડ.

કઠોર દુનિયા માં રાખે સદાય
તેના બાળકોનું ધ્યાન ને અર્પે પ્રચુર બળ.
શ્રી મહાલક્ષ્મી માત કી જય

# અનહદ



ક્રિષ્ના શુકલ 'સુવાસ'

અનહદ ચાહું હું તને,
જમાનાથી તું ડર્યા કરે,
કે લાખ કોશિશ ભૂલવાની તું કરે!
પણ અનહદ ચાહું હું તને!

સમય તો જાણે સરકી જાય છે,
ને તને લાગે કે ભૂલી જવાય છે.
પણ આજે ય યાદ કરું હું તને.
કે અનહદ ચાહું હું તને!

સપનામાં તું આવી જાય છે,
ને સંગ નીંદર લઈ જાય છે.
મિલનની તરસ જાગતાં નયનને.
કે અનહદ ચાહું હું તને!

બંધ આંખે પણ તું દેખાય છે,
ને એકાંતે આવી મળી જાય છે.
જ્યાં યાદ કરું હું આપણા મિલનને.
કે અનહદ ચાહું હું તને!

પ્રેમપુષ્પ રોજ ખીલી જાય છે,
'સુવાસ' તારી પ્રસરાવી જાય છે.
બસ એકવાર એ પુષ્પ દઈ દે મને.
કે અનહદ ચાહું હું તને!

# ઝાંઝવાના જળ

ઝાંઝવાના જળ પર ઝળહળે ચાંદનીની વાત
હર એક તરંગે લખી જાય શાંતિની એક જાત ( એ વાત )
પવનના સ્પર્શે ગાય છે મીઠી ધૂન રાતભર
મનના મૌનમાં ગૂંજે છે યાદોની મધુર વાત
આકાશ ઊતરી આવ્યું જળના આયના માં
તારલીઓ ચમકે જાણે પ્રેમની અનોખી ભાત
શાંત નીર વચ્ચે થંભી જાય સમયની ચાલ
હૈયે વસે છે અહીં સુખની નિર્ભર વાત
ઝાંઝવાના જળમાં દેખાય જીવનનો અકસ
દરેક લહેરમાં છુપાયેલી હોય એક નવી વાત



વિપુલ વી. દવે - સુવાસ

# શ્રદ્ધા



ભારતીબેન ઉપાધ્યાય

હે ઈશ્વર બેઠી છું,
આજ તારા સાનિધ્ય માં
મારા અંતરાત્માને અતૂટ
પ્રબળશક્તિ આપતી
તારી શ્રધ્ધા પર.
શ્રધ્ધા ની કેડી એ
આશાઓ ના હાર પરોવ્યા,
મનના સંદેહો ને દૂર કરી
પ્રકાશમય કુમકુમ અક્ષત ના
સાથિયા પૂરાવ્યા,
જીવન માં ખૂટતી આશાઓ
પર હિંમત સાથે
શ્રધ્ધા ના દીપ પ્રગટાવ્યા.
જીવન ના સંઘર્ષ ભર્યા વિચારો ને તારા ચરણે ધર્યા,
તમારા પર ની અતૂટ શ્રદ્ધા સાથે દંડવત પ્રણામ કર્યા.

# બાળપણ



- અદિતિ પંડિત

મમ્મી મારી રસોઈની રાણી, પપ્પા મારા દિલના રાજા,
બંનેનો કોમળ હાથ ફરે માથે અને થતી અમારી પ્રભાત,
નિત્યક્રમ પતાવી કરતાં મદદ મમ્મીને,
માતા પિતાના આશીર્વાદ લઈ જતાં શાળાએ,
આશીર્વાદથી દરરોજ નવી ઉર્જા મેળવતાં,
શાળામાં શિક્ષક પીરસે જ્ઞાનગંગાનું ભાથુ,
શિક્ષણ સાથે રમતાં રમતાં શીખવે નવું નજરાણું,
પપ્પા સભ્યતા અને શિસ્તના પાઠ ભણાવતાં,
મમ્મી કરતી સંસ્કારોનું સિંચન,
શાળાએથી ઘરે આવીને મિત્રો સાથે રમતાં,
રમતાં રમતાં ઝઘડતા અને કિટ્ટા બુચ્ચા કરતાં,
સૌ હળીમળીને રમતાં,
સંધ્યાકાળે ઘરમાં પ્રભુ ભજન કરતાં,
સાથે સૌ રાત્રિ ભોજન કરતાં,
દાદા દાદી આવે બાળ વાર્તાનો ખજાનો લાવે,
બાળવાર્તા થકી અમને જીંદગીના પાઠ શીખવતા,
રાત્રે લેશન કરી અગાશીમાં સૂઈ જતાં,
મંદ મંદ પવન સાથે મીઠી નીંદર માણતાં,
સવારે મમ્મી માથે હાથ ફેરવી જગાડતાં,
મમ્મી મારી રસોઈની રાણી, પપ્પા મારા દિલના રાજા




# સ્મરણાંજલિ

## સ્વ. વીણાબેન અરૂણકુમાર પાઠક

અંજલિ આપતા શબ્દો ખુટે છે,
પુષ્પાંજલિ આપતા પુષ્પો ખુટે છે.
એક ગુલાબ એની ફોરમ છોડીને વિલય થયું,
કુદરતના ખજાનામાં ખોટ પડે ત્યારે ,
માયાળું માનવીના ખજાના લુંટાય છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

# અવસાન નોંધ
# માર્ચ અને એપ્રિલ ૨૦૨૬

(૧) સ્વ. કૈલાસબેન નવિનચંદ્ પંડ્યા, વડોદરા

(૨) સ્વ. અશોકકુમાર મહેન્દ્રકુમાર પાઠક, ડાકોર

(૩) સ્વ. જયાબેન વિજય ભાઇ પંડ્યા, અમદાવાદ

(૪) સ્વ. ભાયશંકર જયશંકર જોષી, જૂના ઉંટરડા

(૫) સ્વ. કનૈયાલાલ મંગુલાલ જોષી, વડોદરા

(૬) સ્વ. બીરજુકુમાર રમેશચંદ્ર પંડ્યા, ગોધરા

(૭) સ્વ. ગીતાબેન પ્રવિણચંદ્ર દવે, અમદાવાદ

(૮) સ્વ. તરુણ કુમાર રમણલાલ શુક્લ, દેવગઢબારિયા/ અમેરિકા

(૯) સ્વ. કલ્પેશભાઈ જયંતીલાલ પંડ્યા, આણંદ

(૧૦) સ્વ. શકુંતલાબેન પ્રિયદર્શન શુક્લ, દાહોદ

(૧૧) સ્વ. ચંદ્રકાંત મોહનલાલ ઉપાધ્યાય, વડોદરા

(૧૨) સ્વ. રમાબેન કાંતિલાલ ભટ્ટ, લુણાવાડા

(૧૩) સ્વ. હસુમતીબેન શિવપ્રસાદ શુક્લ, ગોધરા

સૌરાષ્ટ્ર કચ્છ :-

(૧) સ્વ. રમેશચંદ્ર મણિશંકર ભટ્ટ, જુનાગઢ

(૨) સ્વ. દિલીપકુમાર લક્ષ્મીશંકર ભટ્ટ, જુનાગઢ

(૩) સ્વ. મધુબેન રમેશચંન્દ્ર મહેતા, રાજકોટ

(૪) સ્વ. રમેશભાઇ મણિશંકર ભટ્ટ, ભાવનગર


(૫) સ્વ. સરોજબેન જયેશકુમાર જોષી, કેરાળા/ અમદાવાદ

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**
**અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ તરીકે રૂ. ૧૦૦૦૦/- આપનાર દાતાઓ



રાજેશ પંડ્યા 'રાજ',
તંત્રી શ્રીગૌડ જાગૃતિ



ડૉ. બિરેનભાઈ પાઠક
ઘોઘંબા



રમેશચંદ્ર નરેન્દ્રકુમાર પાઠક
ઘાટલોડિયા, અમદાવાદ



ગુપ્ત દાતાશ્રી

**મિત્રો, સમાજના શ્રેષ્ઠી
શ્રી બંધુઓ શ્રીગૌડ જાગૃતિ નિભાવ ખર્ચની
સ્પોન્સરશીપ માટે આગળ આવે એવી એક ઉચ્ચ ભાવના.**

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગ્રૃપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ)- ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ)- ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભકાર્યમાં સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||




અન્ન સહાય કીટમાં સહયોગ
આપનારા સર્વે શ્રી બંધુઓનો
અને
કીટ વિતરણ વ્યવસ્થામાં
ગુપ્ત પૂરો સહકાર આપનારા
દરેક કારોબારી સભ્યોનો
ખૂબ આભાર.

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

## પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જે. જોષી, વડોદરા
## મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ
## ખજાનચી શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ

તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ‘ રાજ’ (અમદાવાદ)

**ટ્રસ્ટી મંડળ**

(૧) શ્રી ધ્રુવભાઈ જોશી, બરોડા
(૨) શ્રી જયંતભાઈ જોશી, ગાંધીનગર
(૩) શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪) શ્રી ધ્રુવભાઈ શુક્લ, અમદાવાદ
(૫) શ્રી દિગીશભાઈ દવે, અમદાવાદ
(૬) શ્રી ડૉ. મહેશભાઈ શુક્લ, લુણાવાડા
(૭) શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૮) શ્રી નીરવભાઈ ઉપાધ્યાય, સેવાલિયા
(૯) શ્રી સ્મિતલભાઈ પંડિત, અમદાવાદ
(૧૦) શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ
(૧૧) શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય, કોઠંબા
(૧૨) શ્રી અમિતભાઈ જોશી, અમદાવાદ
(૧૩) શ્રી વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૪) શ્રી રાજેશભાઈ કે. પંડ્યા, અમદાવાદ
(૧૫) શ્રી યોગેશ શુક્લ, અમદાવાદ

**કારોબારી સમિતિ - ઝોન પ્રમાણે સભ્યો**

**૧. અમદાવાદ/ ગાંધીનગર, ઉ.ગુ. :-**

(૧) શ્રી વર્ષિલભાઈ જનકભાઈ શુક્લ, ગાંધીનગર, ૭૭૭૮૦૮૨૨૨૧
(૨) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૮૨૪૪૯૩૦૦૯
(૩) શ્રી પ્રવિણભાઈ વાસુદેવ પુરોહિત, અમદાવાદ, મો. ૯૮૨૪૩૫૮૨૯૭
(૪) શ્રી દિગંત જોષી, અમદાવાદ, મો. ૯૮૯૮૪૨૨૭૮૧
(૫) શ્રી હાર્દિક અનિલભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૬૬૨૫૦૯૮૭૫
(૬) શ્રી જયંતભાઈ પદમાશંકર શુક્લ, અમદાવાદ, મો. ૯૯૨૫૯૭૦૩૯૯
(૭) શ્રી જયેશભાઈ દેવપ્રસાદ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૯૦૯૯૨૫૫૧૪
(૮) શ્રી મુકેશભાઈ નટવરલાલ પુરોહિત, અમદાવાદ, મો. ૭૪૩૩૦૧૯૭૧૮
(૯) શ્રી સંદિપભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૯૭૨૩૨૩૫૮૭૮
(૧૦) શ્રી પંકજભાઈ માણેકલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૦૮૧૪૪
(૧૧) શ્રી મયંકભાઈ જયંતીલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૭૪૭૪૬
(૧૨) શ્રી જિજ્ઞેશભાઈ ભાલચંદ્ર પંડિત, અમદાવાદ, મો. ૯૦૯૯૦૨૯૦૭૯
(૧૩) શ્રી રાજેશભાઈ સુરેશભાઈ પંડ્યા, અમદાવાદ, મો. ૯૯૯૮૭૧૬૫૭૭
(૧૪) શ્રી પ્રશાંતભાઈ પ્રદ્યુમનભાઈ જોષી, અમદાવાદ, મો. ૯૮૨૫૫૫૨૯૨૭
(૧૫) શ્રી ઉદયભાઈ મધુકુમાર શાસ્ત્રી, અમદાવાદ, મો. ૯૮૨૫૩૯૩૫૯
(૧૬) શ્રી હેતલભાઈ રમેશચંદ્ર શુક્લ, અમદાવાદ, મો. ૯૭૨૬૨૫૮૩૫૩
(૧૭) શ્રી કિરણભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૭૨૪૩ ૨૦૭૪૪
(૧૮) શ્રી રાજેન્દ્રભાઈ ગૌરીશંકર પંડ્યા, અમદાવાદ, મો. ૯૪૨૮૮૧૩૯૩૯

**૨. ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત) :-**

(૧) શ્રી ભાવિનભાઈ હરિહરભાઈ ભટ્ટ, ખંભાત, મો. ૯૮૨૫૪૩૯૭૦૭
(૨) શ્રી માર્તંડભાઈ શૈલેષભાઈ પાઠક, ખંભાત, મો. ૯૮૨૫૭૩૭૧૪૦
(૩) શ્રી ભરતભાઈ દવે, આણંદ, મો. ૯૭૨૬૧૫૭૮૮૨
(૪) શ્રી પંકજભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૬૩૭૦૬૩૭
(૫) શ્રી હેમંતભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૯૬૬૪૨૬૨

**૩. વડોદરા અને છો.ઉ. જિલ્લો (વડોદરા, સાવલી) :-**

(૧) શ્રી ઉમેશ ચીમનલાલ પંડ્યા,વડોદરા, મો. ૯૪૨૭૩૪૬૬૯૯
(૨) શ્રી આશિષભાઈ દિનેશભાઈ પાઠક, વડોદરા, મો. ૯૪૨૭૭૧૭૮૯૧
(૩) શ્રી મહેન્દ્રભાઈ જયંતીલાલ પુરોહિત, વડોદરા, મો. ૯૪૨૭૭૮૬૨૬૪
(૪) ડૉ. વિમલભાઈ રમણલાલ ત્રિવેદી, વડોદરા, મો. ૯૧૭૩૭૧૨૩૯૧
(૫) શ્રી ભાર્ગવ બિપીનચંદ્ર વૈદ્ય, વડોદરા, મો. ૯૯૨૫૦૩૬૩૧૯
(૬) શ્રી સાગરભાઈ નગીનપ્રસાદ પંડ્યા, વડોદરા, મો. ૯૮૨૫૦૭૫૦૩૪
(૭) શ્રી જયેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ દવે, વડોદરા, મો. ૯૪૨૯૪૨૬૨૨૩
(૮) શ્રી નિશાંતભાઈ રમેશભાઈ પુરોહીત, મો. ૯૮૭૯૫૨૮૫૧૦
(૯) શ્રી સૌમિલભાઈ હરેન્દ્રભાઈ શુક્લ, વડોદરા, મો. ૯૭૧૨૪૭૮૮૭૯
(૧૦) શ્રી ભગવતભાઈ બાલકૃષ્ણ પાઠક, વડોદરા, મો. ૯૯૦૯૦૦૮૨૧૧

**૪. દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ, નવસારી) :-**

(૧) શ્રી સુનિલકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, ભરૂચ, મો. ૯૩૭૭૪૩૪૧૬૧
(૨) શ્રી પ્રિતેશભાઈ રોહિતભાઈ શુક્લ, નવસારી, મો. ૯૪૨૭૧૫૩૦૭૧
(૩) શ્રી તેજસભાઈ નિરંજનભાઈ શુક્લ, સુરત, મો. ૯૯૯૮૨૨૧૨૫૦
(૪) શ્રી હરદીપભાઈ મુકુંદરાય પાઠક, સુરત, મો. ૯૮૨૪૩૯૧૪૭૫

**૫. મહિસાગર, પંચમહાલ, દાહોદ, અરવલ્લી**
**(દાહોદ,ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા) :-**

(૧) શ્રી અંકુર હરીશભાઈ ઉપાધ્યાય, કાલોલ મો. ૯૮૨૫૫૨૪૫૪૫
(૨) શ્રી પ્રજ્ઞેશ રજનીકાંત જોષી, કાલોલ મો. ૯૯૭૮૭૮૭૮૫૮
(૩) શ્રી જીજ્ઞેશ અશોકભાઈ પાઠક, શહેરા/ગોધરા, મો. ૯૮૨૫૮૬૬૩૭૯
(૪) શ્રી ભૃગુભાઈ શીવશંકર પાઠક, શહેરા,
(૫) શ્રી નિતીનકુમાર રમણલાલ દવે, દાહોદ, મો.૯૨૨૮૩૨૯૯૧૧

**૬. મહિલા સભ્યો :-**

(૧) શ્રીમતી સ્મિતાબેન વિનાયકભાઈ શુક્લ, ગોધરા, મો.
(૨) શ્રીમતી પલ્લવીબેન કૌટિલ્ય શુક્લ, વડોદરા, મો. ૯૪૨૯૯૨૮૧૦૦
(૩) શ્રીમતી પારૂલબેન વિનયકાન્ત દવે, અમદાવાદ, મો. ૯૭૨૭૯૫૩૭૧૪
(૪) શ્રીમતી કૃપાબેન કૌશિકભાઈ પાઠક, અમદાવાદ, ૯૫૩૭૬૫૨૪૫૨
(૫) સુશ્રી કાશ્મિરાબેન મૌલેશભાઈ પાઠક, ગોધરા, મો. ૯૮૨૫૦૩૬૮૦૦
(૬) શ્રીમતી સોનિયાબેન કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૮૩૨૦૪૮૩૯૭૭

**૨. સલાહકાર સમિતિ :-**

(૧) શ્રી કમલેશભાઈ શીવશંકર પાઠક, અમદાવાદ, મો. ૯૪૨૬૫૧૧૪૭૨
(૨) શ્રી કુમુદભાઈ અંબાલાલ દવે, અમદાવાદ, મો. ૯૮૨૫૫૧૦૭૯૨
(૩) શ્રી અનંતભાઈ રણછોડભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૪૨૭૫૨૩૬૯૧
(૪) શ્રી રઘુભાઈ હરીહરભાઈ જોષી, વલ્લભ વિદ્યાનગર/ આણંદ, મો. ૯૪૨૬૫૪૩૮૦૭
(૫) શ્રી હરેશભાઈ નટવરલાલ પંડ્યા, નડિયાદ, મો. ૯૪૨૯૩૨૬૭૩૭
(૬) શ્રી હરીશભાઈ સોમેશ્વર ઉપાધ્યાય, કાલોલ, મો. ૯૯૭૯૨૦૯૮૫૮

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

**ધ્રુવ જોશી** **યોગેશ શુક્લ** **જયંત જોષી** **રાજેશ પંડ્યા'રાજ'** **દિગિશ દવે**

**પ્રમુખ** **મંત્રી** **ઉપપ્રમુખ** **તંત્રી અને સહમંત્રી** **સહમંત્રી**

**ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત**

**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**